દાખલ તારીખ:- ૨૭/૦૯/૨૦૧૭
રજીસ્ટર તારીખ:- ૨૭/૦૯/૨૦૧૭
ફેસલ તારીખ:- ૦૮/૦૫/૨૦૨૬
સમય ગાળો:- વર્ષ-માસ-દિવસ
૦૮- ૦૭ -૧૧

**મે. વસોના પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડી મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં, મુ.વસો.જી.ખેડા-નડીયાદ**

**રેગ્યુ. દિવાની મુકદમા નંબર :-૨૪૨/૨૦૧૭**

**આંક:-**

**વાદીઓ :-** મલેક સાદીકહુસેન સાબીરમીયાં
ઉ.વ.૩૫, ધંધો-વેપાર,
રહે.વેરાઇ ભાગોળ, મુ. વસો, તા.વસો, જી.ખેડા

**વિરુધ્ધ**

**પ્રતિવાદીઓ:-**(૧) ઐયુબમીયાં પીરસાબમીયા મલેક
ઉ.વ.પુખ્ત, ધંધો-વેપાર,
રહે, વેરાઇ ભાગોળ, મુ.વસો, તા.વસો,જી.ખેડા
(૨) ગ્રામ પંચાયત વસો,
મુ.વસો, તા.વસો, જી.ખેડા

**દાવો:- રૂ.૧૦૦૦/- ના આંકથી જાહેરાત તથા દબાણ દુર કરવા અંગેનો**

---

વાદી તરફે વિ.વકીલ શ્રી : એસ.એમ.મલેક
પ્રતિવાદી નં. ૧ તરફે વિ.વકીલ શ્રી : જી.ડી.ખત્રી
પ્રતિવાદી નં. ૨ તરફે વિ.વકીલ શ્રી : પી.એમ.શેનવા

---

**–: ઠરાવ :–**

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી મુ.વસો, તા.વસો, જી.ખેડા મુકામે રહી વેપાર કરી તેમનુ જીવન ગુજરાન ચલાવે છે. આ કામના પ્રતિવાદી તેમના પડોશી હોઇ તેઓને સારી રીતે ઓળખે છે. વાદીની મોજે ગામ વસો, તા.વસોમાં ગ્રામ પંચાયત મિલકત નં. ૧૫૬ તથા ૧૫૭ વાળા રહેણાંકના મકાનો આવેલા છે તેમજ આ કામના પ્રતિવાદીની પંચાયત મિલ્કત નં. ૧૫૮ આવેલ છે. વાદીની મિલ્કતમાં પ્રતિવાદીએ તેઓની આંધળી દિવાલમાં બાકોરું પાડી ગેરકાયદેસર વાદીની મિલ્કત નં. ૧૫૬, ૧૫૭ વાળી મિલ્કતમાં પ્રવેશ કરવાની જગ્યા ઉપર ગેરકાયદેસર દરવાજો મુકેલ જે આ દાવાની તકરારી વિષય વસ્તુ ગણવાની છે જેના ખુંટ નીચે મુજબ છે.

પુર્વ :– વાડાની ખુલ્લી જગ્યા છોડી મિલ્કત નં. ૧૬૫ આવેલ છે.

પશ્ચિમે :– જાહેર માર્ગ આવેલ છે.

ઉત્તરે :– વાદીની મિલ્કત નં. ૧૫૬, ૧૫૭ છોડી ખુલ્લો ચોક આવેલ છે.

દક્ષિણે :– પ્રતિવાદીની ૧૫૮ વાળી મિલ્કતની આંધળી દિવાલ આવેલ છે.

ઉપરોકત ચાર ખુંટ વચલી મિલ્કત જે આ દાવાની તકરારી વિષય વસ્તુ ગણવાની છે.

વાદીની મિલ્કત નં. ૧૫૬, ૧૫૭ ની આગળ ખુલ્લો રસ્તો તથા ચોકની જગ્યા છોડી અન્ય મિલ્કત નં. ૧૬૫, ૧૬૬ આવેલ છે. તેમની મિલ્કતનો અવર જવરનો રસ્તો તથા પ્રતિવાદીની મિલ્કત નં. ૧૫૮ માં અવર જવર નો રસ્તો વર્ષોથી અલગ અલગ છે અને તે જ રસ્તાનો વાપર ઉપભોગ પક્ષકારો કરતા આવેલા છે. આમ વાદીનું ફળીયું તથા પ્રતિવાદી નં.૧ નું ફળીયું અલગ અલગ છે. તેમજ પ્રતિવાદીની મિલ્કત નં. ૧૫૮ ની પછીત આગવી અને આંધળી હોય તેમ છતાં પ્રતિવાદીની મિલ્કતમાં અવર જવરનો રસ્તો પૂર્વ તથા પશ્ચિમનો હોવા છતાં વાદીની મિલ્કતની દક્ષિણે તેઓની જે આંધળી દિવાલ આવેલ છે તે દિવાલમાં હાલમાં કાયદો હાથમાં લઈ વાદીની મિલ્કત નં. ૧૫૬, ૧૫૭ માં વાદીના આગવા રસ્તામાં અવર જવર કરવા નવીન હકકો ઉભા કરવાના બદઈરાદે તેઓની આંધળી દિવાલમાં સાત ફુટ ઉંચાઈ અને ચાર ફુટ પહોળાઈ વાળું બાકોરું પાડી ગેરકાયદેસર દરવાજો મુકી

દઈ વાદીની કાદકદમની અવર જવરની જગ્યામાં ગેરકાયદેસર અતિક્રમણ કરી કાયમી નવીન હકકો ઉભા કરી દેતાં વાદીએ પ્રતિવાદી નં. ૨, સીટી સર્વે, કલેકટર શ્રી તથા જીલ્લા વિકાસ અધિકારીને તે સબંધી લેખીતમાં વાંધા આપેલ તેમ છતાં કાયદાની એસી તેસી કરી પ્રતિવાદીએ વાદીની મિલ્કતમાં ગેરકાયદેસર રીતે તેઓને તેઓની આગવી દિવાલમાં બારી કે બારણું મુકવાનો કોઈ પણ જાતનો હકક ન હોવા છતાં ખોટી રીતે કાયદો હાથમાં લઈ ગેરકાયદેસર દરવાજો મુકી દીધેલ હોઈ જેને લઈ વાદીની તથા અન્ય ફળીયાના રહેવાસીઓની પ્રાયવસી તથા સુખાધિકારમાં તરાપ પડેલ હોય અને પ્રતિવાદી પોતે જ તેઓની મિલ્કત નં. ૧૫૮ માં દુકાન બનાવી વેપાર કરતા હોય તેમજ તેઓની મિલ્કતમાં કાયદેસર અવર જવરનો રસ્તો પૂર્વ પશ્ચિમ સીટી સર્વે નં. ૧૬૪ વાળી મિલ્કતે થઈને હોવા છતાં અને તેઓ તે જ રસ્તાનો કાદોકદમથી તેઓ વાપર ઉપભોગ કરતા હોવા છતાં વાદીની મિલ્કત નં. ૧૫૬, ૧૫૭ ની દક્ષિણે તેમની આંધળી દિવાલમાં ગેરકાયદેસર રીતે દરવાજો મુકેલ હોય તે સબંધી પ્રતિવાદી નં. ૨ તથા અન્ય કચેરીમાં વાદીએ લેખીત રજુઆત કરેલ હોવા છતાં પ્રતિવાદી નં. ૧ એ વાદીના દિવાની હકકો ઉપર તરાપ મારેલ હોય જે ગેરકાયદેસરનું દબાણ હોય તે દુર કરાવવા હાલનો દાવો કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.

વધુમાં જણાવે છે કે, આ કામના પ્રતિવાદી નં. ૧ એ તેઓની મિલ્કત નં. ૧૫૮ વાળી મિલ્કતની આંધળી દિવાલમાં વાદીની મિલ્કત નં. ૧૫૬, ૧૫૭ માં ખુલે તે રીતે ગેરકાયદેસર કોઈ પણ જાતની પંચાયતની પરવાનગી વિના દરવાજો મુકી દેતા તે સબંધી સક્ષમ અધિકારીઓ સમક્ષ લેખીતમાં વાંધા આપવા છતાં પ્રતિવાદીએ તેનો ગેરકાયદેસરનો દરવાજો બંધ નહી કરતા તેમજ તેઓની મિલ્કતમાં પ્રવેશ કરવાનો તથા વાપર ઉપભોગ કરવાનો કાયદેસરનો રસ્તો પૂર્વ પશ્ચિમ હોવા છતાં ગેરકાયદેસર રીતે વાદીની મિલ્કતમાં દરવાજો મુકી દેતા ના છુટકે હાલનો દાવો કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. આ કામના પ્રતિવાદીની મિલ્કત નં. ૧૫૮ માં અવર જવરનો તમામ જાતનો સુખાધિકારનો હકક અલાયદો હોવા છતાં તેઓના દસ્તાવેજમાં પણ તેઓનો અવર જવરનો રસ્તો પશ્ચિમે આવેલ હોવાનું દર્શાવેલ હોવા છતાં તેઓની મિલ્કતની ઉત્તરે આંધળી દિવાલમાં વાદીઓની મિલ્કતમાં ખુલે તે

રીતનો દરવાજો મુકી દઈ તેમ કરવાનો આવો કોઈ નવીન હકક નહી હોવા છતાં ગેરકાયદેસર રીતે વાદીની મિલ્કતમાં નવો રસ્તો બનાવવા કાયદો હાથમાં લઈ ગેરકાયદેસર રીતે આંધળી દિવાલમાં બાકોરું પાડી નવીન હકક ઉભો કરતા હાલનો દાવો દબાણ દુર કરાવવા કરેલ છે. તેમ જણાવી દાવા અરજીનાં પેરા–૬ માં (અ) થી (ડ) સુધીની નીચે મુજબની દાદ માંગેલ છે. (અ) આ કામના પ્રતિવાદી નં. ૧ એ તેઓની મિલ્કત નં. ૧૫૮ ની આંધળી દિવાલમાં મુકેલ દરવાજો જે વાદીની મિલ્કત બાજુ ખુલે તે ગેરકાયદેસરનો છે તેમ ઠરાવો. (બ) આ કામના પ્રતિવાદી નં. ૧ તેઓની મિલ્કત નં. ૧૫૮ વાળી મિલ્કતમાં મુકેલ દરવાજો તેઓના ખર્ચે પુરી દઈ યથાવત સ્થિતિ કરે તેમજ પ્રતિવાદી નં. ૨ પ્રતિવાદી નં. ૧ નો ગેરકાયદેસર દરવાજો દુર કરાવે તેવો આદેશાત્મક હુકમ ફરમાવશોજી. વિકલ્પે જો પ્રતિવાદીઓ તેમ કરવામાં કસુર કરે તો નામ. કોર્ટ કમીશ્નર નીમી પ્રતિવાદીએ મુકેલ દરવાજો તેમના ખર્ચે દુર કરાવવા હુકમ કરવા મહે. કરશોજી. (ક) આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી નં. ૧ પાસેથી અપાવશોજી. (ડ) નામ. કોર્ટને બીજી યોગ્ય લાગે તેવી હરકોઈ દાદ અપાવવા અરજ કરેલ છે.

**(૨)** વાદીના દાવાના સમન્સ/નોટીસો પ્રતિવાદીને બજી જતા. પ્રતિવાદી નં. ૧ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઇ વાદીની દાવા અરજીનો લેખીત જવાબ તથા કાઉન્ટર કલેઇમ આંક–૧૧ થી રજુ કરેલ છે અને વાદીની દાવા અરજીમાં જણાવેલ હકીકતો ખરી ન હોવાનુ જણાવી, ખરી હકીકતે જણાવેલ છે કે, પ્રતિવાદી નં– ૧ મોજે ગામ–વસો, તા. વસો જી. ખેડામાં ગ્રામ પંચાયત મીલકત નંબર જે સીટી સર્વે નં–૧૫૮ અને તેના વાડા સહીતની મીલકતો તેમની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલી છે. જે પૈકી ગ્રામ પંચાયત મીલકત નંબર સીટી સર્વે નં– ૧૫૮ વાળા ખુલ્લા વાડા સહિતના મકાનનું વાડામાંથી જવાનો રસ્તો તે મીલકતની ઉત્તર દીશાએ ઉત્તર દક્ષિણ લંબાઈ વાળો તથા પુર્વ પશ્ચિમ ૧૫.૩ ફૂટ પહોંળાઈ વાડો તેમની સદર મીલકતની ઉત્તર દીશાની દીવાલમાં જે દરવાજો બનાવેલ છે ત્યાથી ફળીયામાં જવાનો અને ત્યાંથી ગામમાં જવાનો રસ્તો આવેલો છે અને તે રસ્તો સદર તેમના મકાન તથા વાડો કે તે મીલકત નં– ૧૫૮ માં ઉત્તર દીશા તરફનો એક માત્ર અલાયદા જવા આવવાનો રસ્તો છે. અને તે જ રસ્તેથી તેમના સદર

સીટી સર્વે નં– ૧૫૮ વાળા મકાનમાં રસોડામાં થઈને વાડામાં સીધી રીતે આવન જાવન થઈ શકે છે અને તે રસ્તો ગ્રામ પંચાયત એટલે કે આ કામના પ્રતિવાદી નં–૨ ની માલીકીનો જાહેર રસ્તો છે તે વાદીની કોઈ ખાનગી પ્રોપર્ટી નથી. તેમજ તે રસ્તાનો પ્રતિવાદી નં–૧ તેમના બાપ દાદાના સમયથી સદર તેમની સર્વે નં– ૧૫૮ વાળી મીલકતમાંથી આવવા જવા માટે રૂઢીથી ઉપયોગ કરતા આવેલા છે. અને સદર સર્વે નંબર ૧૫૮ વાડી મીલકતના વાડામાં સીધો આવવા જવા માટેનો ઉત્તર દીશા તરફનો અન્ય કોઈ વૈકલ્પિક કોઈ કાયદેસરનો રસ્તો છે જ નહી અને ઉપરોકત તેમના સી. સ. નં– ૧૫૮ થી ઉત્તર તરફથી દીશામાં જે રસ્તો છે તે જ પ્રતિવાદી નં–૧ ના સદર મીલકતના ખુલ્લા વાડા સાથે જોડાયેલો સુખાધીકાર સ્વરૂપનો રૂઢીથી ચાલ્યો આવતો પ્રતિવાદી નં–૨ ની માલીકીનો એક માત્ર જાહેર રસ્તો છે. અને તે જાહેર રસ્તાનો આ કામે નીશાની ૯/૨ તથા ૯/૩ તે રજુ પંચનામા તથા નકશામાં સ્પષ્ટપણે કોળીવાડમાં જવાનો રસ્તો જેવુ દર્શાવીને ઉલ્લેખ કરેલ છે જે રસ્તાની પહોળાઈ ૧૫.૩ ફુટ જેટલી છે તેમજ પ્રતિવાદી નં–૧ ની માલીકીમાં જે તેની સાથે જોડાયેલો તે મકાનોની દક્ષિણ દીશામાં નીકળતો રસ્તો આવેલો છે. જે રસ્તો સર્વે નં– ૧૫૯ ને મળે છે જે સરકારની માલીકીની છે જે રસ્તો ગમે ત્યારે બંધ થઈ જાય તેમ છે. પ્રતિવાદી નં–૧ ને તેમની મીલકત નં– ૧૫૮ ના વાડામાં જવા આવવા માટે ઉત્તર દીશા તરફના રસ્તા સિવાય બીજો કોઈ રસ્તો છે નહી. જે તે મકાનો સાથે જોડાયેલો તેમનો સુખાધીકાર સ્વરૂપનો અલાયદો રસ્તો આવેલો છે. અને સદર ખુલ્લી જગ્યામાંમાંથી તેઓ ગામમાં જવા માટે તે રસ્તાનો ઉપયોગ કાયદેસર રીતે તેમનો મીલકત સાથે જોડાયેલા હકકથી ઉપયોગ કરી શકે છે અને આ તેમના સીટી સર્વે નં– ૧૫૮ વાળા મકાનને અડીને તેની દક્ષિણ દીશાની દીવાલને અડીને આ સી. સ. નંબર– ૧૫૯ સરકારી માલીકીનો છે અને સર્વે નં– ૧૬૨ અને ૧૬૩ અન્ય વ્યકિતની માલીકીના છે. તથા મકાનો સળંગ આવેલા છે. અને તે રીતે સર્વે નં– ૧૫૮ નો કાયદેસરનો સદર સર્વે નંબર નં– ૧૫૮ ના વાડામાં ઉત્તર દીશામાં ગામમાં આવવા જવાનો તે સર્વે નંબરની ઉત્તરે જાહેર રસ્તો આવેલો છે. આ રસ્તો તેમની મીલકતો સાથે જોડાયેલા સુખાધીકાર સ્વરૂપના કાયદેસરના તે મીલકતો માટેના સીધા અવર જવરનો એક માત્ર રસ્તો છે. જેથી સને –

૨૦૦૨ ના ગોધરાકાંડ બાદ પ્રતિવાદી નં-૧ નાએ છેલ્લા થોડા વર્ષ તેમની તથા તેમના પરિવારની સુરક્ષાના હેતુથી સદર તેમની સર્વે નં- ૧૫૮ વાળી મીલકતમાના ખુલ્લા વાડામાંથી રસોડામાં થઈને આવવા જવાનો જે મીલકતની તેમની દીવાલમાં જે દરવાજો હાલમાં બનાવેલ છે તેની ઉત્તરે આવેલ કાયદેસરનો રસ્તો છે તેનો ઉપયોગ થોડા સમય માટે કામચલાઉ ધોરણે બંધ કરીને તે દીવાલમાં એક બારી જેવી ખુલ્લી મોટી જગ્યા રાખી મુકેલ અને તે ખાલી જગ્યા કોઈ જાનવર પેસી ના જાય તે માટે ઈંટો મુકીને પુરી રાખેલ અને તેઓ સદર તેમના સર્વે નં ૧૫૮ વાળા મકાન તથા સાથેના વાડામાં આવવા જવા માટે અડીને દક્ષિણે આવેલ તેમના મકાન નં- ૧૫૮ માં ઘરમાં થઈને તે સર્વે નં- ૧૫૮ ની દક્ષીણ દીશામાં આવેલ રસ્તાનો ઉપયોગ કરતા હતા. તથા સાથેના ખુલ્લા વાડામાં અવર જવરનુ ઉપયોગ કરતા હતા. પરંતુ તેમના સર્વે નં- ૧૫૮ વાળા કાયદેસરના એક માત્ર ઉત્તર દીશા તરફનો આવેલ રસ્તાનો હકક જતો કરેલ હોય કે છોડી દીધેલ હોઈ તેમ બનેલ નથી. ઉલ્ટાનુ હાલમાં છેલ્લા ઘણા સમયથી તેઓએ કામચલાઉ ધોરણે તકરારી રસ્તાનો ઉપયોગ બંધ કરેલ હોઈ તેનો ગેરલાભ લઈ આ કામના વાદીએ તેમના સીટી સર્વે ન- ૧૬૫ વાળા તેમની માલીકીની મકાનમાં ઉપરના માળે ચઢવા ઉતરવા માટે સદર તેઓના સીટી સર્વે નં-૧૫૮ વાળા વાડાના તેની ઉત્તરે આવેલ કાયદેસરના ૧૫.૩ ફુટ પહોળાઈ વાળા રસ્તામાં અતિક્રમણ એટલે કે ગેરકાયદેસર ચાર ફુટ જેટલુ અંદરની સાઈડે દબાણ કરીને તેમના માલીકીના કબજા ભોગવટાના સર્વે નં- ૧૬૫ વાળા મકાનની પશ્ચિમ દીશામાં એક દાદરો બનાવેલ છે. જેથી પ્રતિવાદી નં-૧નાએ આ કામના વાદીને સમજાવેલ કે, ''તમોએ અમારા મકાન નં- ૧૫૮ ના ઉત્તર દક્ષિણ લંબાઈ તથા પુર્વ પશ્ચિમ ૧૫.૩ ફુટની પહોળાઈ વાળા એક માત્ર અવર જવરના જાહેર રસ્તામાં આ દાદરો બાંધીને ચાર ફુટ જેટલુ ગેરકાયદેસર દબાણ કરેલ છે તો અમારે અવર જવર કરવામાં તકલીફ પડશે તો તે દબાણ તમો દુર કરી દો" જેથી આ કામના વાદીએ તેઓને જણાવેલ કે, "બીજા દાદરાની અંદરની સાઈડે વ્યવસ્થા કરીને પછી અમો આ દાદરો તોડાવી દઈશુ તમો થોડી રાહ જુવો" તેમ જણાવેલ જેથી તેઓએ તેમની વાતમાં વિશ્વાસ રાખીને બેસી રહેલા પરંતુ આ કામના વાદીએ ત્યારબાદ તેમના સદર સર્વે નં- ૧૬૫ વાળા મકાનની

પશ્ચિમ દીશાએ જે તેમની મીલકત નં- ૧૫૮ માં આવવા જવાનો તેની ઉત્તર દીશાનો રસ્તો છે તે જાહેર રસ્તામાં પાણીની ચકલી છોડીને સામેની સાઈડે એક પાણીનો નળ મુકાવડાવેલ જેથી તેઓને શંકા જતા તેઓએ આ કામના વાદીને ફરીથી તેમનો ગેરકાયદેસર દબાણ વાળો દાદરો તોડવાનુ જણાવેલ તો તેઓ એકદમ ઉશકેરાઈ ગયેલા. અને તેમને પ્રથમથી જ પ્રતિવાદી નં-૨ ની માલીકીની જાહેર જગ્યા જે પ્રતિવાદી નં-૧ ની મીલકત નં- ૧૫૮ નો ઉત્તર દીશા તરફનો જાહેર રસ્તો છે જે પચાવી પાડીને પોતાની ખાનગી પ્રોપર્ટી ગણીને પડાવી લેવાનો બદઈરાદો હોય તેઓએ તેમને જણાવેલ કે આ જગ્યાથી તારે કે તારા પરિવારના કોઈપણ વ્યકિતએ આવવા જવાનુ નહી આ મારી માલીકીની જગ્યા છે તુ તારી દીવાલ પુરી દે હું આ જગ્યા પર રસોડુ બનાવવાનો છુ તારાથી થાય તે કરી લેજે એવુ જણાવેલ. જેથી પ્રતિવાદી ન- ૧ ને તેમની મીલકત નંબર સી. સ. નં- ૧૫૮ માં અવર જવરનો ઉત્તર દીશા તરફનો એક માત્ર જાહેર રસ્તાનો તેમનો સુખાધીકાર સ્વરૂપનો પ્રતિવાદીનો હકક આ કામના વાદી ડુબાડી દે તેવી પુરેપુરી શકયતા જણાતા તેઓએ તેમની મીલકતનો રસ્તાનો ઉપયોગ ફરીથી શરૂ કરી દીધેલ તે માટે તેમના સદર મકાનની તથા ખુલ્લા વાડાની ઉત્તરે આવેલ વાડા સાથે સંડોવાયેલ રસોડાની દીવાલમાં જે ખુલ્લી જગ્યા પહેલેથી જ હતી તે જગ્યાએ કોઈ જનાવર પેસી ના જાય અને મકાન ખુલ્લી ન રહે તેમજ સદર દીવાલ જર્જરીત થઈ ગયેલ હોય તેનુ રીનોવેશન પણ નવેસરથી કરાવવુ જરૂર હોઈ ત્યા એક દરવાજો તેઓની સગવડતા અને જરૂરીયાત માટે બનાવડાવેલ જેથી આ કામના વાદીને તેમનો બદઈરાદામાં સફળ નહી થાય તેવુ જણાતા તેમને પ્રતિવાદી નં-૧ સામે પ્રતિવાદી નં-૨ ને તથા અન્ય તાલુકા પંચાયતની કચેરીમાં ખોટી ખોટી અરજીઓ કરેલ જે પ્રતિવાદી નં-૧, ૨ નાએ વાદીની અરજીના અનુસંધાને પ્રતિવાદી નં-૧ નો સી.સ. નંબર ૧૫૮ નો રસ્તો ચાલુ રાખવાનો અને સદર દરવાજો મુકેલ છે તે જાહેર રસ્તા સામે મુકેલ હોઈ અને તે પ્રતિવાદી નં- ૨ ની માલીકી જગ્યા હોઈ સદર દરવાજો તેઓ મુકી શકે છે તેઓ તા. ૨૩/૦૬/૧૭ ના રોજ ઠરાવ જાહેર કરેલ છે. અને આ કહેવાતા તકરારી દરવાજાની બાબત સીટી સર્વેને નીકાલ માટે સોપવાનુ જણાવેલ આમ પ્રતિવાદી નં-૧ નાએ વાદીએ પ્રતિવાદી નં. ૧ ના સી.સ. નં- ૧૫૮ વાળા

મકાનમાં રસ્તામાંથી તેમની સી. સ. નં–૧૬૫ વાળા મકાનની પશ્ચિમે દાદરો બાંધી અને પાણીનો નળ બેસાડેલ છે. તે ગેરકાયદેસર દબાણ કરેલ જે દુર કરવા માટે પ્રતિવાદી નં– ૨ ને અરજી પણ કરેલી છે . છતાં પણ આ કામના વાદીએ તે દબાણ દુર કરેલ નથી અને આમ છતાં આ કામના વાદીએ ઉલ્ટા ચોર કોટવાલને દંડે તેમ તેમનો ઈરાદો હોય આ ખોટી દાવા અરજી પ્રતિવાદી વીરુધ્ધ કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદી નં–૧ ની મીલકતની ઉત્તરે જાહેર રસ્તો જે જાહેર રસ્તા છે ખોટી રીતે પચાવી પાડીને તેને તેમની ખાનગી જગ્યા બનાવી દેવાનો બદઈરાદો હોય અને તેમનો ગેરકાયદેસર દબાણ વાળો દાદરો અને પાણીનો નળ તોડવો ના પડે એટલે આ પ્રતિવાદી નં–૧ તથા નં– ૨ સામે હાલનો ખોટો દાવો કોઈપણ જાતના કારણ વગર પ્રતિવાદી નં–૧ ને હેરાન પરેશાન કરવા તથા ખોટા ખર્ચમાં ઉતારવા માટે પ્રતિવાદી કંટાળીને તેમનો હકક છોડી દેવા મજબુર થઈ જઈએ તેવા બદઈરાદાથી નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે જેથી પ્રતિવાદી નં–૧ ની કાયદેસરની મોજે ગામ–વસોની મીલકત સીટી સર્વે નં– ૧૫૮ વાળા મકાનના ખુલ્લા વાડામાંથી ગામમાં અવર જવર માટેનો તે મકાનની ઉત્તરે ઉત્તર દક્ષિણ લંબાઈ વાળો તથા પુર્વ પશ્ચિમ ૧૫.૩ ફુટની પહોળાઈ વાળો ઉત્તર દીશા તરફનો એક માત્ર સુખાધીકાર સ્વરૂપનો તે મીલકત સાથે જોડાયેલો પ્રતિવાદી નં– ૨ ની માલીકીનો કાયદેસરનો જાહેર રસ્તો આવેલો છે તેવુ જાહેર કરવા માટે તેમજ પ્રતિવાદી નં–૧ ની સદર સીટી સર્વે નં–૧૫૮ ની ઉત્તરે તેમાં અવર જવર કરવાના જાહેર રસ્તામાં આ કામના વાદીએ તેમની મીલકત નં– સી. સ. નં–૧૬૫ ની પશ્ચિમે દાદરો અને પાણીનો નળ મુકીને તેમને કોઈ જ કાયદેસર હકક અધીકાર નહી હોવા છતાં ગેરકાયદેસર દાદરો બાંધીને સદર જાહેર રસ્તામાં જે ચાર ફુટ જેટલુ ગેરકાયદેસર દબાણ (અતિક્રમણ) કરેલ છે એ દબાણ તેમના ખર્ચે તોડીને અને પાણીનો નળ દુર કરે અથવા નામદાર કોર્ટ ધ્વારા કોર્ટ કમીશ્નર નીમીને સદર દબાણ સ્વરૂપનો દાદરો તોડી પાડીને દુર કરાવે તેવો હુકમ મેળવવા માટે તેમજ પ્રતિવાદી નં– ૧ નાએ સદર સીટી સર્વે નં– ૧૫૮ માંથી તેની ઉત્તરે આવેલ વાડા સાથે જોડાયેલ રસોડાની દીવાલમાં જે દરવાજો બનાવેલ છે જે કાયદેસરનો છે તેવું ઠરાવવા માટે સદર દરવાજેથી સી. સ. નં–

૧૫૮ વાળી મીલકતમાંથી પ્રતિવાદી નં- ૧ નો ગામમાં આવવા જવાનો તેની ઉત્તરે આવેલ પુર્વ પશ્ચિમ ૧૫.૩ ફુટ પહોળાઈ વાળો તથા ઉત્તર દક્ષિણ લંબાઈ વાળો ઉત્તર દીશા તરફનો સુખાધીકાર સ્વરૂપનો તે મીલકત સાથે જોડાયેલો પ્રતિવાદી નં-૧ ની માલીકીનો જાહેર રસ્તો છે તે રસ્તાનો તેમની માલીકીના સીટી સર્વે નં- ૧૫૮ નો મકાન તથા ખુલ્લા વાડામાંથી ગામમાં આવવા જવા માટે ઉપયોગ કરતા આ કામના વાદી કે તેમના માણસો, નોકરો, એજન્ટો, એસાઈનીયો કે તેમના પાવર ઓફ એર્ટોની હોલ્ડર કે મળતીયાઓ પ્રતિવાદી નં-૧ ને તથા તેમના પરીવારના સભ્યોને રોકે રોકાવે નહી તથા તે રસ્તામાંથી જતા આવતા હેલો હરકત કે દખલ અંતરાય કરે કરાવે નહી કે કોઈ અડચણ ઉભી કરે કરાવે નહી તેવો આ કામના વાદીને જાથુનો મનાઈ હુકમ પ્રતિવાદી નં- ૧ ના લાભમાં આપવા માટે આ કાઉન્ટર કલેઈમ નામદાર કોર્ટમાં દાખલ કરવાની જરૂર પડેલ છે. પ્રતિવાદી નં-૧ ની સદર સી.સ. નં-૧૫૮ વાળા મકાન તથા ખુલ્લા વાડાનુ ઉત્તર દિશા તરફનો અલાયદો ઉત્તરે રસ્તો હોય તેમની મીલકત વેચાણ કરવી હોય તો તેની સાથે સંકળાયેલા રસ્તા સહીત વેચાણ કરવી પડે કોઈ બીજી મીલકતમાં થઈને જવા આવવાનો હકક આપી શકાય નહી તેથી તેમની કોઈ મીલકત અલાયદી વેચાણ આપવી હોય તો પણ તે તેનો રસ્તો કલીયર હોય તો જ આપી શકાય જેથી પણ તેમને સી.સી. નં-૧૫૮ વાળા મકાન તથા ખુલ્લા વાડા સાથે જોડાયેલો તેની ઉત્તરે આવેલ રસ્તો કાયદેસરનો છે તેમ જાહેર કરવો ખુબજ જરૂરી છે અને તે રસ્તો સુખાધીકાર સ્વરૂપનો છે તેવુ જાહેર કરવુ પણ જરૂરી છે.

વધુમાં જણાવેલ છે કે, સદર કાઉન્ટર કલેઈમનુ કારણ પ્રતિવાદી નં-૧ નાએ સી.સ. નંબર ગ્રામ પંચાયત મીલકત નં- ૧૫૮ વાળા મકાનની તથા ખુલ્લા વાડાની ઉત્તર દીશામાં આવેલ રસોડાની દીવાલમાંથી ઉત્તર દીશા તરફ ગામમાં જવાનો રસ્તો સને - ૨૦૦૨ ના ગોધરાકાંડ બાદ તેમની તથા તેમના પરિવારની સુરક્ષાના હેતુથી સદર મીલકતમાંથી ગામમાં આવવા જવા માટે કામચલાઉ ધોરણે કેટલાક કેટલાક વર્ષોથી બંધ રાખેલ જેનો ગેરલાભ લઈ આ કામના વાદીએ તે જાહેર રસ્તામાં અડચણ ઉભી કરતી ગેરકાયદેસર ચાર ફુટ જેટલુ દબાણ કરીને તેમની માલીકીના મકાન નં- ૧૬૫ વાળા મકાનમાં અડીને એક દાદરો બનાવી દીધેલ જે દાદરો પ્રતિવાદી નં-૧ નાએ વાદીને

તેમના સ્વખર્ચે દુર કરવાનુ જણાવતા તેમણે વૈકલ્પીક વ્યવસ્થા કરીને દુર કરી દઈશુ તેવુ આશ્વાસન તેઓને આપી દીધેલ જેથી તેમના પર વિશ્વાસ રાખી બેસી રહેલા પરંતુ ત્યારબાદ આ કામના વાદીએ તેમના સદર સર્વે નંબર ૧૬૫ વાળા મકાનની સામેની સાઈડે પશ્ચિમ દીશામાં એક નળ મુકાવેલ અને જેથી પ્રતિવાદી નં- ૧ ને શંકા જતા ફરીથી દબાણ દુર કરવાનુ જણાવતા તેમનો પ્રથમથી જ પ્રતિવાદી નં-૨ ની માલીકીની જાહેર રસ્તાનું દબાણ દુર નહી કરી પ્રતિવાદી નં- ૧ ના સર્વે નં-૧૫૮ સાથે જોડાયેલી ઉત્તર દિશા તરફની સુખાધીકાર સ્વરૂપના રસ્તાની જગ્યા પચાવી પાડવાનો બદઈરાદો હોઈ તેઓને તેમણે તે રસ્તાનો ઉપયોગ નહી કરવાનુ અને તે જગ્યાએ તેમણે રસોડુ બનાવવાનુ છે તેવું જણાવેલ ત્યારથી તેમજ એ તેમનો હકક ડુબી જશે તેવુ જણાતા ફરીથી તેમનાથી સર્વે નં- ૧૫૮ વાળી મીલકતની ઉત્તરે આવેલ દીવાલની ખુલ્લી જગ્યામાંથી તે મકાનના કાયદેસરનો ઉત્તરે આવેલ રસ્તાનો ઉપયોગ મકાન તથા વાડામાં આવવા જવા માટે શરૂ કરી દીધેલ અને સદર ઉત્તરે આવેલ દીવાલની ખુલ્લી જગ્યામાં બારણુ દરવાજો બનાવડાવેલ જેથી આ કામના વાદીને તેમનો બદઈરાદામાં સફળ થશે નહી તેવુ જણાતા તેમણે પ્રતિવાદી નં-૨ ની સંસ્થા વિરુધ્ધ બારણુ દુર કરવા માટેની અરજીઓ કરેલી ત્યારથી તેમજ તે અરજીના અનુસંધાને આ કામના પ્રતિવાદી નં- ૨ નાએ ૨૩/૬/૧૭ ના રોજ તેઓએ જે દરવાજો બનાવેલ છે તેની સામેનો રસ્તો જાહેર રસ્તો હોઈ દરવાજો મુકી શકીએ છીએ તેવો ઠરાવ કરેલ ત્યારથી તેમજ પ્રતિવાદી નં-૧ નાએ પ્રતિવાદી નં- ૨ ને આ કામના વાદીએ જાહેર રસ્તામાં દાદરો બાંધી ગેરકાયદેસર દબાણ કરેલ તે દુર કરવા અરજી આપેલ ત્યારથી તેમજ ત્યારબાદ આ કામના વાદીએ તેમનો બદઈરાદો પાર પાડવા ઉલટા ચોર કોટવાળને દંડે તેમ તેઓ ઉપર દબાણ લાવવા આ ખોટો દાવો નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે. ત્યારથી આ કાઉન્ટર કલેઈમનુ કારણ આપ નામદાર કોર્ટની હુકમતમાં ઉત્પન્ન થયેલ છે અને હાલમાં સતત ચાલુ છે. તેમ જણાવી પ્રતિવાદીએ કાઉન્ટર કલેઈમનાં પેરા-૧૩ માં નીચે મુજબની દાદ માંગેલ છે.

(અ) કાઉન્ટર કલેઈમના પેરા-૮ માં જણાવ્યા મુજબ મોજે વસો ગ્રામ પંચાયતના મીલકત નબર તથા સીટી સર્વે નં- ૧૫૮ વાળી પ્રતિવાદી નં-૧ ની માલીકીનો મકાન તથા ખુલ્લા વાડાની સાથે જોડાયેલ રસોડાની ઉત્તર

દીશામાં જે દીવાલ છે તેમાં દરવાજો બનાવેલ છે ત્યાંથી સદર મીલકતની ઉત્તરે આવેલ ઉત્તર દક્ષીણ લંબાઈ વાળો તથા પુર્વ પશ્ચિમ ૧૫.૩ ફુટની પહોળાઈ વાળો સદર મીલકતમાંથી ગામમાં જવા આવવાનો પ્રતિવાદી નં- ૨ ની માલીકીનો સદર મીલકત સાથે જોડાયેલો પરંપરાગત રીતે સુખાધીકાર સ્વરૂપનો ઉત્તર દીશા તરફનો એકમાત્ર જાહેર રસ્તો આવેલો છે તેવુ તથા તે વાદીની ખાનગી માલીકીની જગ્યા નથી તેવુ જાહેર કરવાનો હુકમ કરવા મહે. કરશોજી. તેમજ તે રસ્તામાં થઈને અવર જવર કરવાનો પ્રતિવાદી નં- ૧ નો તેમના મકાન સાથે સર્વે નં-૧૫૮ સાથેનો જોડાયેલો સુખાધીકાર છે તેવુ જાહેર કરો. (બ) ઉપરોકત કાઉન્ટર કલેઈમના પેરા - ૮ માં જણાવ્યા મુજબ મોજે વસો ગ્રામ પંચાયતના મીલકત નંબર તથા સીટી સર્વે નં-૧૫૮ વાળી પ્રતિવાદી નં- ૧ ની માલીકીનો મકાન તથા ખુલ્લા વાડાની ઉત્તરે આવેલ તે ખુલ્લા વાડા તથા મકાનમાં અવર જવર માટેના પ્રતિવાદી નં- ૨ ની માલીકીના તે મીલકતના સુખાધીકાર સ્વરૂપનો એક માત્ર જાહેર રસ્તામાં આ કામના વાદીએ તેમની માલીકીની મીલકત સી. સર્વે નં- ૧૬૫ વાળા મકાનની પશ્ચિમે જે દાદરો બાંધીને ૪ ફુટનુ ગેરકાયદેસર દબાણ કરેલ છે અને પાણીનો નળ મુકેલ છે તે પ્રતિવાદી તેમના ખર્ચે તે દાદરો તોડાવી અને પાણીની ચકલીનુ દબાણ દુર કરે તેવો આ કામના વાદીને હુકમ કરવા મહે. કરશોજી. અથવા જો વાદી તેમ ના કરે તો ના.કોર્ટ દ્વારા કમીશ્નરની નિમણુંક કરીને સદર ગેરકાયદેસર દબાણ કરતો દાદરો તોડાવવાનો અને પાણીનો નળ દુર કરવાનો હુકમ કરવા મહે. કરશોજી. (ક) કાઉન્ટર કલેઈમનો પેરા- ૮ માં જણાવ્યા મુજબ પ્રતિવાદી નં- ૧ ની માલીકીના મોજે ગામ - વસોના ગ્રામ પંચાયત નંબર સીટી સર્વે નં- ૧૫૮ વાળા મકાન તથા ખુલ્લા વાડા ઉત્તર દીશાએ આવેલ તે મીલકતના સુખાધીકાર સ્વરૂપનો પ્રતિવાદી નં-૨ ની માલીકીનો જાહેર રસ્તામાં થઈને ગામમા અવર જવર કરવા માટે તે મીલકતની ઉત્તરે આવેલ રસોડાની દીવાલમાં જે ખુલ્લી રાખેલી જગ્યામાં તેઓએ જે દરવાજો બનાવડાવેલ છે તે કાયદેસરનો છે તેવુ ઠરાવો અને તે દરવાજો દુર કરવાનો વાદીને કોઈ જ હકક અધીકાર નથી તેવુ જાહેર કરો. (ડ) કાઉન્ટર કલેઈમના પેરા- ૮ માં જણાવેલ પ્રતિવાદી નં-૧ ની માલીકીના મોજે વસોમાં આવેલ ગ્રામ પંચાયત સીટી સર્વે નં- ૧૫૮ વાળી મીલકતની ઉત્તરે આવેલ

રસોડાની દીવાલમાં જે દરવાજો તેઓએ બનાવેલ છે તે દરવાજાથી તે મકાન તથા ખુલ્લા વાડામાંથી તેની ઉત્તરે આવેલ ઉત્તર – દક્ષીણ લંબાઈ તથા પુર્વ પશ્ચિમ ૧૫.૩ ફુટની પહોળાઈ વાળો પ્રતિવાદી નં– ૨ ની માલીકીના જાહેર રસ્તામાં થઈને ગામમાં જતા આવતા પ્રતિવાદી નં–૧ ને કે તેમના પરિવારના કોઈપણ સભ્યોને આ કામના વાદી જાતે કે તેમના નોકરો એજન્ટો એસાઈનીયો કે માણસો કે મળતીયાઓ કે પાવર ઓફ એર્ટોની હોલ્ડરો ધ્વારા રોકે રોકાવે નહી કે તે રસ્તામાંથી પ્રતિવાદી નં– ૧ કે તેમના પરિવારના સભ્યોને જતા આવતા કોઈપણ જાતની દખલ અંતરાય હેલો હરકત કરે કરાવે નહી કે રસ્તામાં કોઈ નવીન અવરોધ કે હકો ઉભા કરે કરાવે નહી તેવો આ કામના વાદી વિરુધ્ધ પ્રતિવાદી નં– ૧ ના લાભમાં જાથુનો મનાઈ હુકમ આ કામના વાદીને ફરમાવવા મહે. કરશોજી.(ઈ) આ કાઉન્ટર કલેઈમનુ ખર્ચ વાદી પાસેથી અપાવશોજી. તથા નામદાર કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી હરકોઈ અન્ય દાદ અપાવવા અરજ કરેલ છે.

ત્યાર બાદ આ કામે પ્રતિવાદી નં. ૨ નાએ આંક–૨૫ થી જવાબના સ્વરૂપે એફીડેવીટ રજુ કરેલ છે અને જણાવેલ છે કે, તેઓ આ કામના પ્રતિવાદી મોજે ગામ વસો ગ્રામ પંચાયત, સીટી સર્વે નં. ૧૫૬ તથા ૧૫૭ તથા ૧૫૮ વાળી મિલકતના રસ્તા બાબતનો હાલનો દાવો કરેલ છે. જે દાવાની હકીકતો તથા વાદીના પ્લીડીંગ ધ્યાને લઈએ તો વાદીની મુખ્ય તકરાર પ્રતિવાદી નં. ૧ સામે છે. તેઓ વસો ગ્રામ પંચાયતને ખોટી રીતે પ્રતિવાદી નં. ૨ પક્ષકાર તરીકે જોડેલા છે. સદર દાવામાં વાદી તથા પ્રતિવાદી નં. ૧ ને રસ્તા બાબતની તથા હકકોની તકરારો છે. જેમાં તેઓ પ્રતિવાદી નં. ૨ નો કોઈ પણ પ્રકારનો રોલ ન હોવા છતાં તે પ્રતિવાદી નં. ૨ નાં કોઈ પણ કૃત્યથી વાદીના હકકોને નુકશાન થાય તેમ ન હોવા છતાં કે વાદી તેમના દાવામાં પ્રતિવાદી નં. ૨ ના કૃત્યથી તેમના હકકોને નુકશાન થયુ હોય તેવુ તેમનુ કોઈ પ્રકારનુ પ્લીડીંગ ન હોઈ પ્રતિવાદી નં. ૨ વસો ગ્રામ પંચાયતને ખોટી રીતે જોડી હેરાન પરેશાન કરવા જોડેલ હોઈ. તેઓને વધુ કોઈ પુરાવા રજુ કરવાના ન હોઈ તેઓનો આ લેખીત જવાબના સ્વરૂપે એફીડેવીટ રજુ કરે છે.

ત્યાર બાદ આ કામે વાદી દ્વારા આંક–૨૬ થી પ્રતિવાદીના કાઉન્ટર

કલેઇમ તથા કામચલાઉ મનાઇ અરજીનો સંયુકત જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ પ્રતિવાદીની જવાબની હકીકતો ખરી ન હોવાનુ જણાવી દાવા અરજીની હકીકતો જણાવેલ છે.

ત્યાર બાોદ આ કામે પ્રતિવાદી નં. ૧ દ્ધારા આંક-૨૮ થી કાઉન્ટર એફીડેવીટ રજુ રાખવામાં આવેલ છે.

આ કામે પ્રતિવાદી નં. ૧ નાએ આંક-૧૩ થી કામ ચલાઉ મનાઇ હુકમ મેળવવાની અરજી કરેલ છે જે અરજી મંજુર કરવામાં આવેલ છે.

(૩) ત્યાર બાદ આ કામે વાદી તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| ક્રમ | વાદી સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | વાદી સાદીકહુસેન સાબીરમીયા મલેકનુ સરતપાસનુ સોગંદનામું | ૫૭ |
| ૨ | વાદી તરફે સાહેદ મલેક મહેબુબમીયા રહીમમીયાંનુ સરતપાસનુ સોગદનામું | ૮૫ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | દસ્તાવેજીની વિગત | આંક |
|---|---|---|
| ૧ | સીટી સર્વેના નકશાની નકલ | ૫૯ |
| ૨ | પ્રતિવાદી નં. ૨ ને આપેલ નોટીસની નકલ | ૬૦ |
| ૩ | સીટી સર્વેએ આપેલ લેખીત જવાબની નકલ | ૬૧ |
| ૪ | પ્રતિવાદીના મિલ્કતના દસ્તાવેજની નકલ | ૬૨ |
| ૫ | પ્રતિવાદીએ મુકેલ ગેરકાયદેસર દરવાજાના ફોટોગ્રાફ | ૬૩ |
| ૬ | પ્રતિવાદીની મિલ્કતનો રસ્તો દર્શાવતા ફોટોગ્રાફ | ૬૪ |
| ૭ | વાદીની મિલ્કત નં. ૧૫૬, ૧૫૭ ની નકલ | ૬૫ |
| ૮ | પ્રતિવાદી નં.૨ ને નોટીસ આપેલ તેની એકનોલેઝમેન્ટ | ૬૬ |
| ૯ | સીટી સર્વેને નોટીસ આપેલ તેની એકનોલેઝમેન્ટ | ૬૭ |
| ૧૦ | પ્રતિવાદી નં.૨ ને ફરીથી નોટીસ આપેલ તેની એકનોલેઝમેન્ટ | ૬૮ |

| | | |
|---|---|---|
| ૧૧ | જીલ્લા વિકાસ અધિકારીને નોટીસ આપેલ તેની એકનોલેઝમેન્ટ | ૬૯ |
| ૧૨ | વાદીના ઓળખકાર્ડની નકલ | ૭૦ |
| ૧૩ | કરારની પ્રમાણીત નકલ | ૧૦૦ |

ત્યાર બાદ વાદી તરફે આંક–૮૮ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૪) ત્યાર બાદ આ કામે પ્રતિવાદી તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| ક્રમ | પ્રતિવાદી સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી નં.૧ ઐયુબમીયાં મીરસાબમીયાં મલેકનુ સરતપાસનુ સોગંદનામું | ૯૦ |
| ૨ | પ્રતિવાદી તરફે સાહેદ નં. ૧ મહેબુબમીયાં જબુમીયા મલેકનુ સરતપાસનુ સોગંદનામું | ૧૦૮ |
| ૩ | પ્રતિવાદી તરફે સાહેદ નં. ૨ નવનીત ભીખાભાઇ કોચરાની સોગંદ ઉપરની જુબાની | ૧૦૯ |
| ૪ | પ્રતિવાદી તરફે સાહેદ નં. ૩ શેહનાઝબાનું ઐયુબમીયા મલેકનુ સરતપાસનુ સોગંદનામું | ૧૧૧ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | દસ્તાવેજીની વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ કયાસ | ૭૮ |
| ૨ | નકશો | ૭૯ |
| ૩ | કોર્ટ કમીશ્નર દ્વારા કરવામાં આવેલ પંચનામુ | ૮૦ |
| ૪ | કોર્ટ કમીશ્નર દ્વારા દાવાવાળી જગ્યાનો નકશો બનાવેલ તે નકશો | ૮૧ |
| ૫ | કોર્ટ કમીશ્નર દ્વારા કરવામાં આવેલ પંચનામુ | ૮૬ |
| ૬ | તારીખ ૬/૬/૨૦૧૭ ના રોજ મીટીંગમાં કરેલ ઠરાવની નકલ | ૧૦૪ |
| ૭ | ઐયુબમીયા મલેકની મિલકતના આકારણી પત્રકની ખરી નકલ(અસલ) | ૧૦૫ |

| | | |
|---|---|---|
| ૮ | વસો ગામના સીટી સર્વે કચેરીના મિલકત નં. ૧૫૬ થી ૧૭૦ ગામતળના નકશાની જાહેર રસ્તા સાથેની ખરી નકલ | ૧૧૦ |

ત્યાર બાદ પ્રતિવાદી તરફે આંક–૧૧૨ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

**(૫)** આ કામે પ્રતિવાદી આંક–૧૧૫ થી લેખીત દલીલ રજુ કરેલ જે વંચાણે લીધી. તેમજ વાદીઓ તથા પ્રતિવાદીઓ તરફે તેમના વિ.વ.શ્રીએ મૌખીક દલીલો કરેલ હોય જે ધ્યાને લીધી.

**(૬)** આ કામે સદરહુ દાવાના નિર્ણય અમારા પુરાગામી ન્યાયધીશશ્રી દ્વારા આંક–૫૫ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

| | |
|---|---|
| **મુદ્દા નંબર–૧** | શું વાદી સાબીત કરે છે કે પ્રતિવાદી નં. ૧ નાએ તેઓની મિલકત નં. ૧૫૮ ની આંધળી દિવાલમાં મુકેલ દરવાજો કે જે વાદીની બાજુ ખુલે છે તે ગેરકાયદેસર છે? |
| **મુદ્દા નંબર–૨** | શું પ્રતિવાદી નં. ૧ નાઓ સાબિત કરે છે કે પ્રતિવાદી નં. ૧ ની મિલકત નં. ૧૫૮ ઉતર બાજુ આવેલ પ્રતિવાદી નં. ૨ ની માલીકીનો પરંપરાગત સુખાધિકાર સ્વરૂપનો એકમાત્ર જાહેર રસ્તો આવેલ છે? |
| **મુદ્દા નંબર–૩** | શું પ્રતિવાદી નં. ૧ નાઓ સાબિત કરે છે કે તેઓની મિલકત નં. ૧૫૮ ની ઉતર દીશામાં પ્રતિવાદી નં. ૨ ની માલીકીના સુખાધિકાર સ્વરૂપના એકમાત્ર જાહેર રસ્તા ઉપર વાદીએ તેમની મિલકત નં. ૧૬૫ વાળા મકાનની પશ્ચિમે ૪ ફુટનુ ગેરકાયદેસર દબાણ કરેલ છે? |
| **મુદ્દા નંબર–૪** | શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે? |
| **મુદ્દા નંબર–૫** | શું પ્રતિવાદી નં. ૧ માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે? |
| **મુદ્દા નંબર–૬** | શું હુંકમ અને હુકમનામુ? |

**(૭)** ઉપરોકત મુદ્દાઓના અત્રેની અદાલતના નિર્ણયો કારણો સહીત નીચે મુજબના છે.

| | |
|---|---|
| **મુદ્દા નંબર–૧** | **હકારમાં** |
| **મુદ્દા નંબર–૨** | **હકારમાં** |
| **મુદ્દા નંબર–૩** | **હકારમાં** |
| **મુદ્દા નંબર–૪** | **હકારમાં** |
| **મુદ્દા નંબર–૫** | **અંશતઃ હકારમાં** |
| **મુદ્દા નંબર–૬** | **આખરી હુકમ મુજબ** |

## –: કા ર ણો :–

**મુદ્દા નં. ૧ થી ૬–**

(૮) હાલના કામે પ્રતિવાદી નં. ૧ ને તેઓની મિલકત નં.૧૫૮ ની પછીતે આવેલ આધળી દીવાલમાં વાદીની મિલકત નં. ૧૫૬, ૧૫૭ માં ખુલે તે રીતે ગેરકાયદેસર કોઇ પણ જાતની પંચાયતની પરવાનગી વિના દરવાજો મુકી દેતાં તે સંબંધે સમક્ષમ સત્તાધીકારીને વાદી દ્વારા લેખીતમાં રજુઆત કરવા છતાં પ્રતિવાદીએ તેનો ગેરકાયદેસરનો દરવાજો બંધ ન કરતા તેમજ તેઓની મિલકતમાં પ્રવેશ કરવાનો તથા વાપર ઉપભોગ કરવાનો કાયદેસરનો રસતો પુર્વ–પશ્ચિમ હોવા છતાં ગેરકાયદેસર રીતે વાદીની મિલકતમાં દરવાજો મુકી દેતા હાલનો દાવો લાવવાનુ કારણ ઉપસ્થિત થયેલ છે. મિલકત નં. ૧૫૮ ની આધળી દિવાલમાં મુકેલ દરવાજો જે વાદીની મિલકતમાં બાજુ ખુલ્લે છે જે ગેરકાયદેસરનો છે તેમ ઠરાવી આ દરવાજો પ્રતિવાદી નં. ૧ ના ખર્ચે પુરી દઇ યથાવત સ્થીતી કરી આપવાનો પ્રતિવાદી નં. ૨ ને આદેશાત્મક હુકમ ફરમાવવાની દાદ માંગવામાં આવેલ છે. આંક–૩ થી વાદી તરફે દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ રાખવામાં આવેલ છે. જેની સાથે આંક–૫૯ થી ૭૦ સુધીના દસ્તાવેજ રજુ છે. જે વંચાણે લીધા. ત્યાર બાદ પ્રતિવાદી તરફે આંક–૧૧ થી વાદીની દાવાઅરજીના જવાબ તથા કાઉન્ટર કલેઇમ રજુ રાખવામાં આવેલ છે. સદર દાવા જવાબમાં પ્રતિવાદી વાદીની દાવા અરજીની તમામ વિગતોનો સ્પષ્ટ ઇન્કાર કરે છે. વધુમાં તેઓ જણાવે છેકે પ્રતિવાદી નં. ૧ ના સીટી સર્વે નં. ગ્રામ પંચાયત મિલકત નં. ૧૫૮ વાળા મકાનની તથા ખુલ્લા વાડાની ઉત્તર દીશામાં આવેલ રસોડાની દિવાલમાંથી

ઉત્તર દીશા તરફ ગામમાં જવાનો રસ્તો સને ૨૦૦૨ ગોધરા કાંડ બાદ અમારી તથા પરીવારની સુરક્ષાના હેતુથી કામ ચલાઉ ધોરણ બંધ રાખેલ જેનો ગેરલાભ લઈ આ કામનાં વાદી જાહેર રસ્તાને અડચણ ઉભી કરી ગેરકાયદેસર ૪ ફુટ જેટલુ દબાણ કરી તેમની મકાન નં. ૧૬૫ વાળા મકાનમાં અડીને એક દાદરો બનાવી દીધેલ જે દાદરો પ્રતિવાદી નં. ૧ નાઓને પાડીને તેમના સ્વખર્ચે દુર કરવાનુ જણાવતા તેમણે વૈકલ્પીક વ્યવસ્થા કરી આપશુ તેવુ આશ્વાસન આપેલ. પરંતુ વાદી તેમના સર્વે નં. ૧૬૫ વાળા મકાનની સામેની સાઈડે પશ્ચીમ દીશામાં એક નળ મુકાવેલ અને જેથી પ્રતિવાદી નં. ૧ નાએ ફરીથી તેમણે દબાણ દુર કરવાનુ જણાવતાં તેઓએ પ્રતિવાદી નં.૧ નો ઉત્તર દીશા તરફથી અવર જવર કરવાનો સુખાધીકાર છીનવી લેવાના બદઈરાદાથી અને પોતાની મિલકતની બહારની ખુલ્લી જગ્યામાં ગેરકાયદેરસ દબાણ કરેલ હોય તે દુર કરવુ ન પડે માટે હાલનો ખોટો દાવો લાવેલ હોય તેનો દાવો નામંજુર કરી તેઓએ કરેલ ગેરકાયદેસર દબાણ દુર કરી પ્રતિવાદીનો સીટી સર્વે નં. ૧૫૮ વાળા મકાનની ઉત્તર દીશાએ આવેલ દીવાલમાં બનાવેલ દરવાજાથી અવરજવાર કરવાનો સુખાધીકાર પ્રાપ્ત થયેલ છે તેવુ ઠરાવી આપવાની કાઉન્ટર કલેઈમમાં દાદ માંગેલ છે.ત્યાર બાદ આંક–૨૫ થી પ્રતિવાદી નં. ૨ તરફે દાોાનો કોઈ જવાબ આપવા માંગતા નથી તે મુજબનુ સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે. ત્યાર બાદ આંક–૨૬ થી પ્રતિવાદી નં. ૧ નાએ કાઉન્ટર કલેઈમનો વાદી તરફે જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ પ્રતિવાદી નં. ૧ નો કાઉન્ટર કલેઈમની વિગતોનો સ્પષ્ટ ઈન્કાર કરી કાઉન્ટર કલેઈમ નામંજુર કરવા વિનંતી કરેલ છે. ત્યાર બાદ આંક–૨૮ થી પ્રતિવાદી નં. ૧ તરફે તેઓના કાઉન્ટર કલેઈમના સમર્થનમાં કાઉન્ટર એફીડેવીટ રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ વાદીના કાઉન્ટર કલેઈમના જવાબની વિગતોનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે.

(૯) ત્યાર બાદ આંક–૫૫ થી હાલના દાવાના ન્યાય નિર્ણય અર્થે મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં. ૧ ની સાબીતીનો બોજો વાદીના શીરે છે. જેમા વાદીએ સાબીત કરવાનુ છે કે પ્રતિવાદી નં. ૧ નાએ તેમની મિલકત નં. ૧૫૮ ની ઉત્તર બાજુએ આવેલ આધળી દીવાલમાં મુકેલ દરવાજો કે જે વાદીની મિલકત બાજુએ ખુલ્લે છે તે ગેરકાયદેસર છે જે અંગે

આંક–૫૭ થી વાદી સાદીકહુસેન સાબીમીયા મલેકનુ સરતપાસનુ સોગંદનામુ રજુ રાખેલછે. જેમાં તેઓએ પોતાની દાવા અરજીની વિગતોને સમર્થન કરતી હકીકતો જણાવેલ છે. તેઓની વિગતવારની ઉલટ તપાસ પ્રતિવાદી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં વાદી સ્વીકારે છે કે તેઓની સીટી સર્વે વાળી મિલકત નં. ૧૬૫ ની પુર્વે તેમના ઘરમાં આવવા જવાનો રસ્તો આવેલો છે. તેમની મિલકતના સીટી સર્વે નં. ૧૬૫ તથા ૧૬૬ તેમની મિલકતની પશ્ચિમે ખુલ્લો જાહેર રસ્તો આવેલ છે. આ જાહેર રસ્તો કોળી વાડા તરીકે ઓળખાય છે. તેઓની જુબાનીમાં આંક–૭૮ થી રજુ પંચકયાસ તેઓને બતાવવામાં આવે છે જેમાં પોતાની હસી ઓળખી બતાવે છે. તેમજ આંક–૭૯ વાળો નકશો જોઈ તેઓ જણાવે છે કે આ નકશો તેમની હાજરીમાં તૈયાર કરવામાં આવેલ છે. ત્યાર બાદ આંક–૮૦ વાળુ કોર્ટ કમીશ્નર દ્વારા તૈયાર કરવામાં આવેલ પંચનામુ તથા આંક–૮૧ વાળો નકશો બતાવવામાં આવે છે જેમા તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે તેમની મિલકતમાં તેમના ભાઈ તથા તેમના માતાનુ નામ ચાલે છે અને તેમના ભાઈ તથા તેમના માતાને હાલના દાવાના કામે પક્ષકાર તરીકે જોડેલ નથી વધુમાં તેઓ સ્વીકારે છે કે તેઓને પોતાના આંક–૫૭ વાળા સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે તે મુજબ તેઓની મોજે ગામ વસોના ગ્રામ પંચાયત મિલકત નં. ૧૫૬ તથા ૧૫૭ વાળા રહેણાંક મકાનો આવેલ હોવાની હકીકત ખોટી જણાવેલ છે. મિલકત નં. ૧૫૭ રાવજીભાઈ મોહનભાઈ બારૈયાના વારસોની આવેલી છે. આ બંન્ને મિલકત તેમની મિલકતની બાજુમાં આવેલી છે. આમ હાલના વાદીની ઉલટ તપાસમાં આંક–૭૮ થી ૮૧ સુધીના પંચ રોજકામ તથા નકશો રજુ કરવામાં આવેલ છે. જે પૈકી આંક–૭૯ વાળો નકશો વંચાણે લેતા તેમા સીટી સર્વે નં. ૧૬૫ કે જેના કબજેદાર વાદી છે તે મિલકતની બહાર આવેલ રસ્તો પૈકીની જમીનમાં ૮.૮૨ ચો.મી. દબાણ કરેલ હોવાનુ જણાઈ આવે છે. તેમજ સીટી સર્વે નં. ૧૫૭ ના કબજેદારે રસ્તા પૈકીની જમીનમાં ૮.૩૭ ચો.મી. દબાણ કરેલ હોવાનુ જણાઈ આવે છે. મિલકત નં. ૧૫૮ નો કબજો પ્રતિવાદી પાસે તથા ૧૬૫ નો કબજો વાદી પાસે હોવાનુ જણાઈ આવે છે. આ સિવાય અન્ય કોઈ દબાણની વિગત આ નકશામાં જણાવેલ નથી. ત્યાર બાદ આંક–૮૫ થી વાદીના સાહેદ

મહેબુબમીયા રહીમમીયા મલેકની સોગંદ ઉપર સરતપાસ રજુ રાખવામાં આવેલ છે. જેમાં વાદીની દાવા અરજીની વિગતોને સમર્થન કરતી વિગતો જણાવેલ છે. તેઓની વિગતવારીન ઉલટ તપાસ પ્રતિવાદી નં. ૧ ના વિ.વ.શ્રી દ્ધારા કરવામાં આવેલ છે. જમે તેઓ સ્વીકારે છે કે વાદી તરફે પ્રતિવાદી  એક ફળીયામાં રહે છે. તથા આંક–૮૬ વાળુ પંચનામુ તેમના રૂબરૂમાં થયેલુ અને પંચ નં.૧ તરીકે તેમાં તેઓની સહી છે આ પંચનામુ વાદી તથા પ્રતિવાદીના ઘરની પાછળની બાજુએ આવેલ જગ્યા અંગેનુ છે. આ પંચનામા વાળી જગ્યા કોળી વાડા તરીકે ઓળખાય છે. વાદી સાદીકભાઇના ઘરે જવા આવતા માટે આગળ તથા પાછળની જગ્યાએ જવા આવા માટે રસ્તો આવેલો છે. સાહેદનુ મકાન નં. ૫૨૮ કોળી વાડા બાજુ આવેલ નથી પ્રતિવાદી મકાનની પુર્વ બાજુ ખુલ્લો વાડો આવેલ છે. આંક–૮૬ વાળા પંચનામા મુજબ જે જમીનો પડેલ છે તે વાદી સાદીકભાઇના મકાનની પાછળ ફળીયાનો રસ્તો છોડીને સામે ઠાકોરના મકાન આવેલ છે.વાદીના મકાનના પાછળનો ફળીયાનો રસ્તો છોડી જે કોળીવાડાનો રસ્તો આવેલ છે તે માત્ર વાદી તથા ઠાકોરનો જ જવા આવવાનો રસ્તો છે. વાદી તથા પ્રતિવાદીની મિલકત વચ્ચે બીજા કોઇનો વાડો આવેલ નથી. વાદીના મકાનની આગળના ભાગે જવા આવવાનો રસ્તો મલેકવાડા તરીકે ઓળખાય છે. આ કોળી વાડાના રસ્તા ઉપર વાદી તથા ઠાકોરના ૨ મકાન આવેલ છે અને ત્યાં  પ્રતિવાદીના મકાનની પછીતે દીવાલ આવેલ છે.

વધુમાં તેઓ સ્વીકારે છે કે વાદીએ પોતાની મિલકતની પછીતના ભાગમાં બાથરૂમ અન તેની સાથે દાદરો બનાવેલ છે. જે દાદરો બાથરૂમ પાસે બનાવેલ છે. આમ હાલના સાહેદની જુબાની પરથી વાદી તથા પ્રતિવાદી જુદાજુદા મહોલ્લામાં રહેતા હોવાનુ તેમજ પ્રતિવાદીના મકાનની પછીતેની દીવાલ વાદીના ઘર બાજુ રસ્તા ઉપર આવતી હોવાનુ તેમજ વાદીએ પણ પોતાના મકાનની આજુબાજુના રસ્તા ઉપર દબાણ કરેલ હોવાની વિગત રેકર્ડ ઉપર આવે છે. ત્યાર બાદ આંક–૮૮ થી વાદી તરફે પુરાવો પુરો થયાની પુરસીસ રજુ રાખવામાં આવેલ છે. આ વાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવા તથા મૌખીક પુરાવા વંચાણે લેતા સીટી સર્વે નં. ૧૫૮ થી મોજે ગામ વસો ખાતે વાદીની મિલકત આવેલ હોવાનુ જણાઇ આવે છે. તેમજ તેની ઉતર બાજુએ

એટલે કે મિલકતની પછીતે તેઓએ દીવાલમાં એક દરવાજો કે જે કોળીવાડાના રસ્તા બાજુ ખુલતો હોવાનુ જણાઈ આવે છે. રસ્તો તેઓએ પોતાના મકાનની પછીએ આવેલ આધળી દીવાલમાં પાડેલ હોવાનુ જણાઇ આવે છે. સીટી સર્વે નં. ૧૫૮ ના પછીતે પ્રતિવાદીના સીટી સર્વે નં. ૧૬૫ વાળી મિલકત આવેલ છે. જયારે સીટી સર્વે નં. ૧૫૬ તથા ૧૫૭ વાળી મિલકત અન્ય આસામીઓની હોવાનુ રેકર્ડ ઉપરથી જણાઇ આવે છે. પ્રતિવાદી નં. ૧ દ્વારા વાદી તથા અન્ય આસામીઓના મકાનો તથા રસ્તો આવેલો છે તે બાજુ દરવાજો પાડવામાં આવેલ છે. આ દરવાજો પાડવા અંગે વાદીએ ગ્રામ પંચાયત કે અન્ય કોઇ સક્ષમ સત્તાધિકારીની પરવાનગી લીધેલ હોવાનુ જણાઇ આવતું નથી. આમ પ્રતિવાદી નં. ૧ નો અવર જવારનો રસ્તો મલેકવાડા બાજુથી આવેલ હોવાનું તથા કોળીવાડા બાજુ દરવાજો મુકી વધારાનો રસ્તાનો હકક ઉભો કરવાનો પ્રયત્ન પ્રતિવાદી નં. ૧ કરતાં હોવાનુ રેકર્ડ ઉપરથી જણાઇ આવે છે. આમ પ્રતિવાદી નં. ૧ એ પોતાની સીટી સર્વે નં. ૧૫૮ મિલકતની આધળી દિવાલમાં વાદીની મિલકત બાજુ ખુલતો જે દરવાજો મુકેલ છે તે ગેરકાયદેસરનો મુકેલ છે તેવુ સાબિત કરવામાં વાદી સફળ થયેલ હોય **મુદ્દા નં. ૧** નો જવાબ **''હકારમાં''** આપવામાં આવે છે.

**(૧૦)** મુદ્દા નં. ૨ પરત્વે નોંધવાનુ પ્રતિવાદી નં. ૧ નાઓને મિલકત નં. ૧૫૮ ની ઉત્તર બાજુ આવેલ પ્રતિવાદી નં. ૨ ની માલીકીનો પંરપંરાગત સુખાધીકાર સ્વરૂપનો એક માત્ર જાહેર રસ્તો આવેલ છે. તેમજ મુદ્દા નં. ૩ પરત્વે સાબીત કરવાનુ છે કે પ્રતિવાદી નં. ૧ ની મિલકત નં. ૧૫૮ ની ઉત્તર દીશામાં પ્રતિવાદી નં. ૨ ની માલીકીની સુખાધીકાર સ્વરૂપના એક માત્ર જાહેર રસ્તા ઉપર વાદી તેમની મિલકત નં. ૧૬૫ વાળા મકાનની પશ્ચિમે ૪ ફુટનુ ગેરકાયદેસર દબાણ કરેલ છે આ બંને મુદ્દાની સાબીતીનો બોજો પ્રતિવાદીના શીરે હોય પ્રતિવાદીએ પોતાની રજુઆતના સમર્થનમાં આંક–૯૦ થી પ્રતિવાદી નં. ૧ અયુબમીયા મીરસાબમીયા મલેકનાનુ સરતપાસનુ સોગંદનામુ રજુ રાખેલ છે. તેમાં તેઓએ પોતાના દાવા જવાબ તથા કાઉન્ટર કલેઇમની વિગતોને સમર્થન કરેલ છે. તેમની વિગતવારની ઉલટ તપાસ વાદીન વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે. જેમા તેઓ સ્વીકારે છે કે અમો વાદી તથા પ્રતિવાદી જન્મથી વસો મુકામે રહીએ છીએ અને એકબીજાના

પાડોશી છીએ. વાદી કોળી વાડા ફળીયામાં અને પ્રતિવાદી મલેક વાડા ફળીયામાં રહે છે. આ મલેકવાડા વાળા ફળીયામાં ઘણા બધા મકાનો આવેલ છે. આ ફળીયામાં રહેતા લોકોને બહાર જવા માટેનો રસ્તો અલગથી આવેલ છે. પ્રતિવાદી પણ ફળીયામાંથી બહાર જવા માટે આ રસ્તાનો ઉપયોગ કરે છે. હાલ દાવો દાખલ થયા તે પહેલા વાદી સાથે તેઓને સારા સંબંધો હતા પ્રતિવાદી નં. ૧ ની સીટી સર્વે નં. ૧૫૮ વાળી મિલકત વડીલો પાર્જીત આવેલી છે. આ મકાન તેમના પિતા મીરસાબમીયાની માલીકીનુ છે. જે તેમની વસો કો–ઓપરેટીવ બેંકમાં ગીરો મુકેલ હતુ અને આ મિલકતને બેંક પાસેથી ગીરો મુકત કરાવેલ છે. તે અંગેનો કરાર આંક–૧૦૦ થી રજુ રાખવામાં આવેલ છે. પ્રતિવાદીએ જણાવેલ છે કે આ કરારમાં રસ્તાની જે વિગત લખેલ છે તે ખોટી લખેલ છે. તેઓએ બેંકને ખોટી વિગત બતાવેલ હોવા અંગે બેંકમાં કે અન્ય કોઇ જગ્યાએ રજુઆત કરી સુધારો કરવા અરજી કરેલ હોય તેવુ બનેલ નથી. તેમના મકાનની પશ્ચીમ બાજુએ વેરાઇ ભાગોળ જવાનો રસ્તો આવેલ છે વાદી કોળી વાડામાં થઇ તેમના મકાનની પશ્ચીમ બાજુ આવેલ રસ્તે થઇ અવર જવર કરે છે તેમના ઘરથી વાડમાં થઇ તકરારી રસ્તે અવર જવર કરવાનો તેમને હકક અધીકાર મળેલ હોય તેવો કોઇ દસ્તાવેજી પુરાવો તેમણે રજુ રાખેલ નથી. આંક–૫૯ વાળાો નકશો જોઇ તેઓ જણાવે છે કે તેમના મકાનની એકેય બાજુ અવર જવર કરવાનો રસ્તો બતાવેલ નથી. વાદીના ઘરની દક્ષીણ બાજુ પ્રતિવાદીના ઘરતી પછીતે વાડો આવેલ છે. મલેક વાડા વાળા ફળીયાના રહીસો કોળી વાડા વાળા રસ્તાનો ઉપયોગ કરતા નથી. તેઓએ પોતાના કમ્પાઉન્ડ વાડામાં દરવાજો મુકયો ત્યારે વાદીએ વિરોધ કરેલો અને તે અંગે મારા મારી થતા પોલીસ ફરીયાદ પણ થયેલી. વાડા વાળી જગ્યાની માલીકી અંગેનો તેઓની પાસે કોઇ આધાર પુરાવા નથી. તેમના મકાનની ઉત્તર દીશાએ વાદીના મકાનો આવેલ છે તે કોળી વાડા વાળો મહોલ્લો કહેવાય છે. હાલ તે અવર જવર કરવા માટે મલેક વાડા વાળા રસ્તાનો ઉપયોગ કરે છે. આમ પ્રતિવાદી નં. ૧ ની ઉલટ તપાસ ઉપરથી તે વાત સ્પષ્ટ થાય છે કે વાદી અને પ્રતિવાદી જુદાજુદા મહોલ્લામાં રહે છે. વાદી કોળી વાડા વાળા ફળીયામાં તથા પ્રતિવાદી મલેક વાડા વાળા ફળીયામાં રહે છે. બંને મહોલ્લામાં અવર જવર કરવા માટેના રસ્તા જુદા જુદા આવેલ છે. બંન્ને

મહોલ્લાના રહીશ જુદા જુદા રસ્તાથી અવર જવર કરે છે. પ્રતિવાદી નં. ૧ પણ મલેક વાડા વાળા રસ્તાથી અવર જવર કરે છે. આમ પ્રતિવાદી નં. ૧ નાનો રસ્તો પોતાના મકાનની પછીતે આવેલ કોળી વાડા વાળા રસ્તાથી આવેલો નથી. આ રસ્તાથી માત્ર કોળી વાડાના રહીશો અવર જવર કરે છે. એટલે કે પ્રતિવાદી નં. ૧ ની મિલકત નં. ૧૫૮ ની ઉત્તર બાજુ આવેલ રસ્તો પ્રતિવાદી નં. ૨ ની માલીકીનો પંરપંરાગત સુખાધીકાર સ્વરૂપનો એક માત્ર જાહેર રસ્તો આવેલ છે. તેવુ પ્રતિવાદી નં. ૧ સાબીત કરવામાં સફળ થયેલ હોય જેથી **મુદ્દા નં. ૨** નો જવાબ **''હકારમાં''** આપવામાં આવે છે.

**(૧૧)** જયારે મુદ્દા નં. ૩ પરત્વે નોધંવાનુ કે હાલના કામે આંક–૭૮ થી રજુ સીટી સર્વે કચેરી દ્વારા કરવામાં આવેલ પંચ રોજકામ તથા આંક–૭૯ વાળો નકશો વંચાણે લેતા વાદીએ પોતાની મિલકત નં. ૧૬૫ ના રસ્તા પૈકીની જમીનમાં ૮.૮૨ ચો.મી. દબાણ કરેલ છે તથા સીટી સર્વે નં. ૧૫૭ ના કબજેદારે રસ્તા પૈકીની જમીનમાં ૮.૩૭ ચો.મી. દબાણ કરેલ છે. જેથી વાદીએ જાહેર રસ્તા ઉપર દબાણ કરેલ હોવાનુ સાબીત થાય છે. આ જાહેર રસ્તો સીટી સર્વે નં. ૧૫૭ વાળા આસામી તથા વાદીના સીટી સર્વે નં. ૧૬૫ વાળા મિલકતની વચ્ચેથી પસાર થતો રસ્તો છે અને આ રસ્તો પ્રતિવાદી નં. ૨ ગ્રામ પંચાયતની માલીકીનો અને કોળીવાડાના રહીશોને અવર જવર કરવા માટેનો એક માત્ર જાહેર રસ્તો હોવાનુ જણાઈ આવતુ હોય સીટી સર્વે નં. ૧૬૫ તથા ૧૫૭ ના આસામીએ આ રસ્તા ઉપર કરેલ દબાણ ગેરકાયદેસર હોવાનુ સાબીત થતુ હોય જેથી **મુદ્દા નં. ૩** નો જવાબ **''હકારમાં''** આપવામાં આવે છે.

**(૧૨)** ત્યાર બાદ મુદ્દા નં. ૪ પરત્વે નોંધવાનુ કે વાદી પોતાની દાવા અરજીના પેરા–૬ મા દાદ માંગેલ છે કે પ્રતિવાદી નં. ૧ દ્વારા પોતાની મિલકત નં. ૧૫૮ ની આધળી દીવાલમાં વાદીની મિલકત બાજુ ખુલતો જે દરવાજો મુકેલ છે તે ગેરકાયદેસર ઠરાવી તેને પ્રતિવાદી નં. ૧ ના ખર્ચે દુર કરવાનો આદેશાત્મક હુકમ ફરમાવવાની રજુઆત કરેલ છે. જે અંગે મુદ્દા નં. ૧ થી ૩ માં ચર્ચા કરી તે મુજબ પ્રતિવાદી નં. ૧ મલેક વાડા વિસ્તારમાં તથા વાદી કોળી વાડા વિસ્તારમાં રહે છે. બંન્ને જુદા જુદા મહોલ્લામાં રહેતા રહીશો છે. બંન્નેના મહોલ્લામાં અવર જવર કરવાના જુદાજુદા રસ્તા આવેલ છે.

પ્રતિવાદી નં. ૧ વર્ષોથી મલેક વાડા વાળા રસ્તાનો ઉપયોગ કરતા આવેલ છે તેમજ કોળી વાડા વાળા રસ્તાનો પ્રતિવાદી ઉપયોગ કરતા આવેલ છે. જેથી પ્રતિવાદી નં. ૧ નુ તેઓની મિલકત નં. ૧૫૮ માં આધળી દીવાલમાં દરવાજો મુકવાનુ કૃત્ય ગેરકાયદેસર હોવાનુ જણાઇ આવતુ હોય સદર દરવાજો તેઓ પોતાના ખર્ચે દુર કરી પુરી દેવાનો હુકમ કરવો ઉચીત જણાતો હોય દાવાના ન્યાય નિર્ણય અર્થે ઉપસ્થિત થયેલ **મુદ્દા નં. ૪** નો જવાબ **''હકારમાં''** આપવામાં આવે છે.

**(૧૩)** ત્યાર બાદ મુદ્દા નં. ૫ પરત્વે નોંધવાનું કે પ્રતિવાદી નં. ૧ નાઓએ પોતાના દાવા જવાબ સાથે પેરા–૧૩ માં કાઉન્ટર કલેઇમ અંગેની દાદ માંગેલ છે જેમા તેઓ જણાવે છે કે સીટી સર્વે નં. ૧૫૮ વાળા મકાની ઉત્તર દીશામાં જે દીવાલ આવેલ છે તે દીવાલમાં તેઓએ મુકેલ દરવાજામાંથી અવર જવર કરવાનો સુખાધીકાર આવેલ છે. પરંતુ મુદ્દા નં. ૧ થી ૩ માં ચર્ચા કરી તે મુજબ વાદી તથા પ્રતિવાદી જુદા જુદા મહોલ્લાના રહીશ હોય અને તેઓનો અવર જવર કરવાનો રસ્તો જુદો જુદો આવેલ હોય પ્રતિવાદી નં. ૧ નો ગામમાં જવા આવવાનો સુખાધિકાર પ્રતિવાદી નં. ૨ ની માલીકીના કોળીવાડા વાળા રસ્તા સાથે જોડાયેલો હોય શકે નહી જેથી પ્રતિ દાવામાં માંગ્યા મુજબની આ દાદ પ્રતિવાદી નં. ૧ ને અપાવી શકાય તેમ નથી. વધુમાં તેઓ દાદ માંગેલ છે કે સર્વે નં. ૧૬૫ વાળા મકાનની પશ્ચીમે જે દાદરો બાંધી ગેરકાયદેસર દબાણ કરાવામાં આવેલ છે તે દાદરો તથા પાણીની ચકલી દુર કરવા રજુઆત કરેલ છે. ઉપરોકત ચર્ચા મુજબ વાદીએ પણ પોતાના મકાનની આજુબાજુ જાહેર જગ્યા ઉપર દબાણ કરેલ હોવાનુ રેકર્ડ ઉપરથી સાબીત થતુ હોય પ્રતિવાદી નં. ૧ હાલની દાદ મેળવવા હકકદાર હોવાનુ જણાઇ આવે છે. વધુમાં પ્રતિવાદી નં. ૧ એ વાદી સામે કાયમી મનાઇ હુકમ અંગેની જે દાદ માંગેલ છે તે દાદ પણ પ્રતિવાદી નં. ૧ મેળવવા હકકદાર ન હોવાનુ જણાઇ આવે છે. આમ પ્રતિવાદી નં. ૧ દ્વારા તેમના પ્રતિ દાવામાં માંગ્યા મુજબની દાદ તેઓ અંશત: રીતે મેળવાવ હકકદાર હોવાનુ જણાઇ આવતુ હોય **મુદ્દા નં. ૫** નો જવાબ **''અંશત: હકારમાં''** આપી **મુદ્દા નં. ૬** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવો ન્યાયના વિશાળ હિતમાં ઉચિત જણાય છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

(૧) આથી વાદીનો હાલનો દાવો મંજુર કરવામાં આવે છે.

(૨) આથી પ્રતિવાદી નં. ૧ નાઓને હુકમ કરવામાં આવે છે કે તેઓએ પોતાની સીટી સર્વે નં. ૧૫૮ વાળા મકાનની પછીતે ઉત્તર બાજુએ આવેલ આંધળી દીવાલમાં જે દરવાજો મુકેલ છે તે દરવાજો તથા આ સિવાયની અન્ય કોઈ પણ સ્થાવર જંગમ ચીજવસ્તુઓ મુકેલ હોય તો દીન–૩૦ માં પોતાના ખર્ચે દુર કરી દીવાલમાં પાડેલ દરવાજો કાયમી ધોરણે ચણી લઈ બંધ કરવો.

(૩) આથી પ્રતિવાદી નં. ૧ નો પ્રતિદાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૪) આથી પ્રતિવાદી નં. ૨ ગ્રામ પંચાયત વસોને આદેશ કરવામાં આવે છે કે કોળી વાડા વાળા મહોલ્લામાં આવેલ મકાન મિલકત નં. ૧૬૫ તથા ૧૫૭ ની પ્રતિવાદી નં. ૧ ના ખર્ચે માપણી કરી આ બંન્ને મકાન મિલકતની આજુબાજુમાં કરવામાં આવેલ તમામ પ્રકારના દબાણ દીન–૩૦ માં દુર કરી અત્રેની અદાલતને તે અંગેનો રીપોર્ટ કરવો.

(૫) મિલકત નં. ૧૬૫ તથા ૧૫૭ ની માપણી તથા દબાણ દુર કરવા અંગેનો તમામ ખર્ચ મિલકતના આસામીઓએ પ્રતિવાદી નં. ૨ ગ્રામ પંચાયત વસોને ચુકવી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૬) દાવાનો ખર્ચ પ્રતિવાદી નં. ૧ નાએ ભોગવવો.

(૭) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ રોજ તારીખ ૦૮ મી, માહે–મે, સને ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ–૦૮/૦૫/૨૦૨૬ (સૌમિત્ર સુબોધભાઈ ત્રિવેદી)

સ્થળ:– વસો પ્રિન્સિપાલ સીવીલ જજ, વસો

કોડ નંબર જી જે ૦૧૪૨૫